## ગ્રાહકનું ખાતું ખોલવા સંબંધિત જરૂરિયાતો

| | |
|---|---|
| **આવશ્યકતાઓનો સાર** | **ગ્રાહક વતી કોઈપણ ઓર્ડર સ્વીકારતા કે દાખલ કરતાં પહેલાં** સભ્યોએ નીચે પ્રમાણેનાં પગલાં ભરવાં જરૂરી છેઃ<br>• ગ્રાહકની નોંધણી **ક્લાયન્ટ રજિસ્ટ્રેશન ફોર્મ (નો યોર ક્લાયન્ટ - કેવાયસી** ફોર્મ તરીકે જાણીતું)ના નિર્ધારિત સ્વરૂપમાં કરીને તેવી વ્યક્તિની પાર્શ્વભૂ, સત્યતા, લાભકર્તાની ઓળખ, આર્થિક સદ્ધરતા અને વેપારનો હેતુ જાણવા માટેનાં વાજબી પગલાં લેવાં જોઈએ.<br>• **મેમ્બર - ક્લાયન્ટ એગ્રીમેન્ટ (એમસીએ)** માટેના નિર્ધારિત સ્વરૂપમાં ગ્રાહકો સાથે કરાર કરવો. એક્સચેન્જ દ્વારા નિર્ધારિત સ્વરૂપમાંની કલમોના હેતુ કે લખાણનું મહત્ત્વ કોઈપણ પ્રકારે ન ઘટાડે તેવી રીતે વધુ કલમો સભ્યો કરારમાં ઉમેરી શકે છે.<br>• ગ્રાહકોને **રિસ્ક ડિસ્ક્લોઝર ડોક્યુમેન્ટ (આરડીડી)**ની એક નકલ આપીને કોમોડિટી એક્સચેન્જમાં લિસ્ટેડ થયેલા કૉન્ટ્રેક્ટમાં વેપાર કરવામાં રહેલાં જોખમો વિશે માહિતગાર કરવા. સભ્યોએ આરડીડી મળ્યાની ગ્રાહકે કરેલી નોંધ સાથે નકલ સાચવી રાખવી જરૂરી છે. આરડીડીના પરિશિષ્ટ 1માં **રોકાણકારોના અધિકાર અને જવાબદારીઓ**નું વર્ણન છે. |
| **ફાયદા** | ઉપરોક્ત જરૂરિયાતો ગ્રાહકો અને સભ્યોની વચ્ચેના કૉન્ટ્રેક્ટને લગતા સંબંધની વ્યાખ્યા કરીને બન્નેને મોટી સલામતી પૂરી પાડે છે. આ જરૂરિયાતો રોકાણકારો વતી વેપાર શરૂ કરતાં પહેલાં તેમને માહિતગાર કરે છે. કેવાયસીની આવશ્યકતાઓ વિશેષપણે એ વાતની ખાતરી કરાવે છે કે સભ્યો અયોગ્ય પાર્શ્વભૂ ધરાવતા ગ્રાહકો સાથે વહેવાર ન કરે. |
| **સંદર્ભ** | 1. વેપારના નિયમો 27(એ), (બી), સી અને (ડી)<br>2. પેટા નિયમો 14.1.1 અને 14.1.2<br>3. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/029/2009. તા. 19 જાન્યુઆરી, 2009<br>4. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/256/2008. તા. 31 જુલાઈ, 2008<br>5. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/206/2008. તા. 16 જૂન, 2008<br>6. પરિપત્ર ક્ર. એમસીએક્સ/555/2006. તા. 15 ડિસેમ્બર, 2009 અને<br>7. પરિપત્ર ક્ર. એમસીએક્સ/012/2006. તા. 10 જાન્યુઆરી, 2006 |

પેટા નિયમો, નિયમો, વેપારના નિયમો અને પરિપત્રો અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર ‘સભ્યપદ>કાનૂની માળખું’ની લિંક હેઠળ ઉપલબ્ધ છે.

સભ્યોને અમે સભ્યપદ લિંક હેઠળના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)ને પણ વાંચી જવાની વિનંતી કરીએ છીએ.